અપીલ અરજી નં.૩૨૦ તા.૭–૧ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહભટ્ટ
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહભટ્ટની તા.૨૬–૧૧–૧૦ ની અરજીથી મુદ્દા નં. (૧) પત્ર નં.ટીડીઓ/૧૨૨૭ તા.૨૫–૬–૧૦ ધ્વારા જણાવ્યા મુજબ મે. કમિ.શ્રીએ તા.૧૩–૧૧–૦૯ થી સૈધ્ધાતિક મંજુરી આપેલ છે તેમાં ખાડી પુરાણ તથા પુરાણ ઉપરનું બાંધકામની પરવાનગી અંગેની સંપૂર્ણ માહિતી તથા મુદ્દા નં.રની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૭–૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૨૦/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહભટ્ટની તા.૨૬–૧૧–૧૦ ની અરજીથી મુદ્દા નં.(૧) પત્ર નં.ટીડીઓ/૧૨૨૭ તા.૨૫–૬–૧૦ ધ્વારા જણાવ્યા મુજબ મે. કમિ.શ્રીએ તા.૧૩–૧૧–૦૯ થી સૈધ્ધાતિક મંજુરી આપેલ છે તેમાં ખાડી પુરાણ તથા પુરાણ ઉપરનું બાંધકામની પરવાનગી અંગેની સંપૂર્ણ માહિતી તથા મદ્દા નં. ૨ ની માહિતી આપવા બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં પત્ર નં.ટીડીઓ/૪૧૪૨ / તા.૨૨–૧૨–૧૦ થી મળેલા પ્રતિભાવથી મુદ્દા નં.૧ માટે જે માહિતી આપી છે તેમાં ખાડી પુરાણ અને બાંધકામની વિગતો મુળ અરજીથી માંગેલ હોવા છતાં માહિતી આપી ન હોવાનું જણાવી એપેલેટ ઓફિસરને તા.૭–૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા તથા વધુમાં અપીલના મુદ્દા અંગે ખાડી પર ખાડી પુરાણ તથા બાંધકામ અંગેની દફતરી હકીકતલક્ષી સ્થિતિ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૮૪ તા.૧૭–૧–૧૧થી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) તથા અરજદારને અપીલ અરજીમાં અરજદારે ખાડી પર પુરાણસહ બાંધકામ અંગે આધાર હોય તો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૪૫૬૩ તા.૨૭–૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને અગાઉ પાઠવેલ પત્ર નં.ટીડીઓ/૧૨૨૭ તા.૨૫–૬–૧૦ ના પત્રની નકલ , મુળ અરજી મુદ્દા નં.ર અંગે નગર નિયોજક મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૪૧૪૧ તા.૨૨–૧૨–૧૦ થી કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, તથા અરજદારને મુદ્દા નં.૧ અંગે આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. તથા જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી તા.૧૯–૨–૧૧ ના રોજ રૂબરૂમાં મળેલી પૂરક વિગતોમાં અરજદારે આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૪૬૫ તા.૪–૧–૧૧ ના પત્રની નકલ, તથા તે પોસ્ટ કર્યા અંગેના પુરાવાની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૧૯૭ તા.૨૯–૧૧–૧૦ ના પત્રની નકલ, જયારે શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૪૧૪૧ તા.૨૨–૧૨–૧૦ ના રોજ મુદ્દા નં.ર અંગે તબદીલ થયેલા પત્રની નકલ તથા અરજદારની મુળ અરજીની નકલ મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૪–૧–૧૧ ના રોજ પૂરક વિગતોનો પત્ર મળેલ છે. જેની સાથે અરજદારે કાર્યપાલક ઈજનેર ડ્રેનેજ તરફથી કલેકટર કચેરીને પાઠવેલ પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૬–૧૧–૧૦ ની અરજીથી રાહુલરાજ ટેક્ષટાઈલ સીટીની લીંબાયતઝોનને લાગત બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ.જે સેન્ટ્રલઝોન તરફથી સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૧૯૭ તા.૨૯–૧૧–૧૦ થી મધ્યસ્થ શહેર વિકાસને અને કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. જે પૈકી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં. ટીડીઓ/ ૪૧૪૧ તા.૨૨–૧૨–૧૦ થી મુદ્દા નં.ર અંગે કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ડે.કમિ.(પીએન્ડડી) તરફથી પ ત્ર નં.ટીડીઓ/ ૪૧૪૨ તા.૨૨–૧૨–૧૦ થી મુદ્દા નં.૧ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી મુદ્દા નં.ર અંગે સા.ઈઝોન/મહેકમ/૩૪૬૫ તા.૪–૧–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયમાં પત્ર નં.ટીડીઓ/૪૧૪૨ તા.૨૨–૧૨–૧૦ ના પ્રતિભાવથી નારાજ થઈ તા.૭–૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં.(૧) પત્ર નં.ટીડીઓ/૧૨૨૭ તા.૨૫–૬–૧૦ ધ્વારા જણાવ્યા મુજબ મે. કમિ.શ્રીએ તા.૧૩–૧૧–૦૯ થી સૈધ્ધાતિક મંજુરી આપેલ છે તેમાં ખાડી પુરાણ તથા પુરાણ ઉપરનું બાંધકામની પરવાનગી અંગેની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સદર પ્રશ્નવાળી મિલ્કતમાં નગર રચના અધિકારી શ્રી ધ્વારા આપવામાં આવેલ અભિપ્રાયમાં ફા.પ્લોટમાં દર્શાવવામાં આવેલ ક્ષેત્રફળ/માપ વિસ્તારમાં પ્લાનો મંજુર કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલમાં મુદ્દા નં.૧ બાબતે ટીડીઓના જણાવ્યા મુજબ તા.૧૩–૧૧–૦૯ થી સૈધ્ધાંતિક મંજુરી આપી છે તેમાં ખાડી પુરાણ તેમજ પુરાણ ઉપર બાંધકામ અંગેની પરવાનગી આપી છે કે નહીં તેની માહિતી જે મુળ અરજીમાં હોવા છતાં આપેલ ન હોઈ અધૂરી માહિતી આપનાર જાહેર માહિતી અધિકારી વિરૂધ્ધ કાર્યવાહી કરવાની રજૂઆત કરેલ છે. વધુમાં આ બાબતે અરજદારને જાહેર માહિતી અધિકારીના અગાઉના પત્ર નં.ટીડીઓ/૧૨૨૭ તા.૨૫–૬–૧૦ થી સદર પ્રશ્નવાળી મિલ્કતનો પ્લોટ એરીયા ૫૫,૨૪૦ ચો.મી. જેમાં બેઝમેન્ટ+ ગ્રાઉન્ડ ફલોર + પ્રથમથી આઠમા માળના (એ) અને (બી) ટાઈપના બે હાઈરાઈઝ કોમર્શીયલ બીલ્ડીંગના પ્લાનો મંજુર થયેલ છે તેવી વિગતો પૂરી પડાયેલ છે. મુદ્દા નં.(૨) કાયદા વિરુધ્ધનું બાંધકામ થયા બાબતે જરૂરી ડીપોઝીટ વસુલ લેવામાં આવેલ હોઈ આવા ગેરકાયદેસર બાંધકામ દરમ્યાન તેને નહીં

અટકાવી ચાલવા દેનાર જવાબદાર જે તે સમયના જવાબદાર અધિકારીઓની વિગતો અને હોદ્દા સહિતની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકાર સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૧૯૭ તા.૨૯–૧૧–૧૦ થી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. ત્યાર બાદ જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને મુદ્દા નં.૨ અંગે પત્ર નં.ટીડીઓ/૪૧૪૧ તા.૨૨–૧૨–૧૦ થી તબદીલ કરેલ છે. જે બાબતે લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૪૬૫ તા.૪–૧–૧૧ થી અરજદારને મુદ્દા નં.૨ અંગે " ટીપી સ્કીમ નં.૩૩(ડુંભાલ) ફા.પ્લોટ નં.૧૩ વાળી મિલ્કતમાં કાયદા વિરુધ્ધના બાંધકામ અન્વયે લીંબાયતઝોન તરફથી કાયદેસરની કાર્યવાહી કરી બીપીએમસી એકટની કલમ–૨૬૭ મનાઈ હુકમ લીંબાયતઝોનથી આપવામાં આવેલ તેમજ સ્થળ પર બાંધકામ અટકાવવામાં આવેલ છે જે તે સમયે (૧) વાય.એમ. પટેલ જુનીયર ઈજનેર (૨) એન.એલ. પટેલ ડે.ઈજનેર તથા એ.જી. ખાટીવાલા કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ ઉપર હતા તેવું જણાવેલ છે. અરજદાર તરફથી કાર્યપાલક ઈજનેર ડ્રેનેજ વિભાગ તરફથી કલેકટરશ્રી, સુરતને પાઠવેલ પત્રની નકલ રજૂ કરેલ છે. જેમાં કાર્યપાલક ઈજનેર ડ્રેનેજ ધ્વારા જણાવ્યા અનુસાર રાહુલ રાજ ટેક્ષટાઈલ માર્કેટના બાંધકામ બાબતે ભામૈયા કડોદરા ડ્રેઈન કિનારા ઉપર કરવામાં આવી રહેલ છે. સદર બાંધકામની કંપાઉન્ડ વોલ આશરે ૨૫૦ થી ૩૦૦ મી. લંબાઈની ખાડીના કાંઠા ઉપર બાંધવામાં આવી રહેલ છે જે કંપાઉન્ડ વોલનું મોટા ભાગનું બાંધકામ ખાડીના કાંઠાની અંદર અથવા ખાડીના કાંઠાની ઉપર કરવામાં આવી રહેલ છે. ખાડીની હદથી કોઈ પણ જાતનું માર્જીન છોડવામાં આવી રહેલ નથી. ભવિષ્યમાં ખાડીના પાણીના પ્રવાહને અવરોધરૂપ થાય તેમ જણાય છે. તેમજ ખાડીના અંદરના ભાગે પુરાણ કરી દિવાલ બાંધવાના કારણે ખાડીના હયાત દફતરી સેકશનમાં ઘટાડો થવાથી ચોમાસા દરમ્યાન વરસાદી પાણીનો પૂરતો નિકાલ ન થઈ શકવાના લીધે ઉપવાસ અને આસપાસના વિસ્તારમાં પાણી ભરાવાના પ્રશ્નો ઉપસ્થિત થવાની પૂરતી સંભાવના જણાય છે તેવો ઉલ્લેખ કરેલ છે. તેમજ ડ્રેઈનની મરામત અને જાળવણીની જવાબદારી સુરત મહાનગરપાલિકાની હોવાનું જણાવી લીંબાયતઝોનને કાર્યવાહી કરવા લખાણ કરેલ હોવાનું જણાવેલ છે. સદરહુ વિગતો જોતાં અરજદારને બિલ્ડીંગ બાંધકામની વિગતો મુદ્દા નં.૧ પૂરતી પૂરી પાડવામાં આવેલ છે પરંતુ ખાડીના બાંધકામ બાબતે વિગતો જોતાં ખાડી ઉપરના બાંધકામ બાબતેનો પ્રશ્ન હોય તેવું જણાય છે. જે વિગતો જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ જણાતી નથી. જયારે મુદ્દા નં.૨ અંગે લીંબાયતઝોન તરફથી અરજદારને માહિતી પૂરી પાડેલ જણાય છે.

ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપીલ તબકકે અપીલના મુદ્દાઓ અંગે તેઓનો પક્ષ રજૂ કરવા તથા ખાડી પુરાણ તથા બાંધકામ અંગે દફતરી હકીકતલક્ષી સ્થિતિ પણ જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. પૂરક વિગતો જોતાં તે અંગે કોઈ કાર્યવાહી રજૂ થયેલ નથી. જાહેર માહિતી અધિકારી ડે.કમિ.(પીએન્ડડી) કક્ષાએથી મુદ્દા નં.૨ અંગે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને તબદીલ કર્યાની વિગત અપીલ તબકકે પ્રાપ્ત થયેલ છે. અરજદારે અપીલ તબકકે પૂરક વિગતો રજૂ કરેલ કાર્યપાલક ઈજનેરે ડ્રેનેજ વિભાગ નં.૨ તરફથી સુરતના કલેકટર સુરતને લખાયેલ પત્રની ઉલ્લેખનીય વિગતો ધ્યાને લેતાં માંગેલ માહિતી વ્યાપક જાહેર હિતને સ્પર્શતી પણ હોવાનું પ્રથમ દર્શીય રીતે સૂચવે છે.

ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં.૧ ની આપેલી માહિતીમાં તેના ઉત્તરાર્ઘ ભાગ ખાડી પુરાણ અને પુરાણ ઉપરના બાંધકામ પરવાનગી બાબતની કોઈ સ્પષ્ટતા અરજદારને પાઠવેલ પત્રમાં કરવામાં આવેલ નથી. આપેલ માહિતીમાં " ફાયનલ પ્લોટમાં દર્શાવવામાં આવેલ ક્ષેત્રફળ /માપ વિસ્તારમાં " તેવો ઉલ્લેખ કરવામાં આવેલ છે. પરંતુ તેમાં ખાડી કે ખાડીના અંતરની સ્પષ્ટતા અરજદારે માંગેલ વિગતે થતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૬–૧૧–૧૦ ની અરજીથી માંગેલમાહિતી પૈકી મુદ્દા નં.૧ ખાડી પુરાણ કે પુરાણ ઉપરના બાંધકામ બાબતે દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહભટ્ટ,